# GCAS પોર્ટલમાં ધાંધિયા, NSUIની VCને રજૂઆત

**પોર્ટલમાં ટેકનિકલ ધાંધિયાથી વિદ્યાર્થીઓ પરેશાન, NSUIએ VNSGU કેમ્પસમાં વિરોધ કર્યો**

સુરતઃ એડમિશન પ્રક્રિયા સરળ કરવા સરકારે શરૂ કરેલી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ' (GCAS) પોર્ટલ હાલ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ભારે હાલાકીનું કારણ બન્યું છે. તેના વિરોધમાં આજે વીએનએસજીયુમાં એનએસયુઆઈ દ્વારા કુલપતિને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓને સતત ટેકનિકલ ઈશ્યુનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી મોટી સમસ્યા વન ટાઈમ પાસવર્ડ મેળવવામાં થઈ રહી છે. વિદ્યાર્થીઓ જ્યારે રજિસ્ટ્રેશન કે લોગઈન કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે કલાકો સુધી મોબાઈલ કે ઈમેલ પર OTP આવતો નથી. આ સિવાય, એકસાથે હજારો વિદ્યાર્થીઓ પોર્ટલનો ઉપયોગ કરતા હોવાથી સર્વર વારંવાર ડાઉન થઈ જાય છે અથવા તો વેબસાઈટ સ્લો ચાલે છે. ઘણા કિસ્સાઓમાં દસ્તાવેજો અપલોડ કરતી વખતે આખી સિસ્ટમ હેંગ થઈ જતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ, જેઓ ટેકનોલોજીથી બહુ પરિચિત નથી, તેઓ માટે આ ઓનલાઈન પ્રક્રિયા એક મોટી આફત સાબિત થઈ રહી છે. આ સમસ્યાને લઈને આજે સુરત NSUI ના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ VNSGU કેમ્પસ ખાતે એકઠા થયા હતા. યુનિવર્સિટીના વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગની નબળી આયોજનબદ્ધ નીતિઓ વિરુદ્ધ કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

**ડિરેક્ટરો માટે હવે 10 વર્ષ બાદ 3 વર્ષનું 'કૂલિંગ ઓફ' ફરજિયાત**

# સહકારી બેંકના ડિરેક્ટર્સ ઘરે બેસશે

**સહકારી ક્ષેત્રના અનેક ડિરેક્ટરોએ 10 વર્ષના કાર્યકાળ પછી 3 વર્ષ ઘરે બેસવું પડશે**

**7 વર્ષ પૂર્વે રાજીનામું આપશે તો પણ 3 વર્ષનો વિરામ લેવો પડશે**

સુરતઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્ય સહકારી બેંકો (StCBs) અને જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો (DCCBs)ના સંચાલનમાં પારદર્શિતા અને સારા ગવર્નન્સ માટે મહત્વપૂર્ણ સુધારા જાહેર કરવામાં આવ્યા છે. આરબીઆઈએ "Reserve Bank of India (Rural Co-operative Banks - Governance) Amendment Directions, 2026" જાહેર કરીને ડિરેક્ટરોના સતત કાર્યકાળ અંગે નવા નિયમો અમલમાં મૂક્યા છે. એ મુજબ કોઈપણ સહકારી બેંકના ડિરેક્ટર 10 વર્ષથી વધુ સતત ડિરેક્ટર રહી શકશે નહીં

નવા નિયમો મુજબ કોઈપણ રાજ્ય સહકારી બેંક અથવા જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકનો ડિરેક્ટર સતત 10 વર્ષ સુધી જ પદ પર રહી શકશે. ત્યારબાદ ફરીથી એ જ બેંકના બોર્ડમાં આવવા માટે તેને ઓછામાં ઓછા 3 વર્ષનો ફરજિયાત "કૂલિંગ ઓફ પિરિયડ" પસાર કરવો પડશે.એટલે કે રાહ જોવી પડશે. આ સમયગાળા દરમિયાન સંબંધિત વ્યક્તિ બેંક સાથે ડિરેક્ટર, સલાહકાર કે અન્ય કોઈપણ સ્વરૂપે જોડાઈ શકશે નહીં. જોકે તે સભ્ય અથવા ગ્રાહક તરીકે જોડાયેલ રહી શકશે. સાથે જ અન્ય કોઈ સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે નિયુક્ત થવા માટે તે પાત્ર રહેશે. 2025ના કાયદા સુધારા બાદ નવી સ્પષ્ટતા એ કરવામાં આવી છેકે,"બેંકિંગ લોઝ (સુધારા) અધિનિયમ-2025 દ્વારા અગાઉની 8 વર્ષની મર્યાદા વધારીને 10 વર્ષ કરવામાં આવી હતી અને તે 1 ઓગસ્ટ 2025થી અમલમાં આવી હતી. હવે આરબીઆઈએ આ જોગવાઈને વધુ સ્પષ્ટ બનાવી "કૂલિંગ ઓફ"નો નિયમ લાગુ કર્યો છે.

**સંદીપ દેસાઈ,નરેશ પટેલ, સુનિલ પટેલ સહિતના અગ્રણીઓ બેંકની ચૂંટણી નહીં લડી શકે**

નવી ગાઇડ લાઇન મુજબ સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના અગ્રણી ડિરેક્ટર્સ સંદીપ દેસાઈ,નરેશ પટેલ,સુનિલ પટેલ,દિલીપ પાટીલ,દિલીપસિંહ રાઠોડ,કિરીટ પટેલ અને નયનભાઈ ભરતીયા હવે આગામી ત્રણ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં.એવી જ રીતે અન્ય સહકારી બેંકના ડિટેક્ટરોને પણ દૂર કરવામાં આવશે.

**સતત કાર્યકાળની ગણતરી કેવી રીતે થશે?**

આરબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે જો કોઈ ડિરેક્ટર 3 વર્ષથી ઓછા ગાળાના વિરામ બાદ ફરી બોર્ડમાં આવે તો અગાઉનો કાર્યકાળ પણ ગણવામાં આવશે. પરંતુ 3 વર્ષ અથવા તેથી વધુનો વિરામ હોય તો પહેલાનો સમયગાળો ગણાશે નહીં. સરકારના આ નિર્ણયને સહકારી બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા અને વ્યાવસાયિકતા વધારવાના મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી ઘણી સહકારી બેંકોમાં મેનેજિંગ ડિરેક્ટરની નિમણૂક અંગે વિવાદો અને મનમાનીના આક્ષેપો થતા રહ્યા હતા. હવે નિયમિત પ્રક્રિયા અને સ્પષ્ટ લાયકાત ધોરણો લાગુ થતાં વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

# સુરત જિ. પં.માં 69 દિવસ બાદ ચૂંટાયેલી પાંખ સક્રિય

**સમીર મોદી પ્રમુખ અને ઉમેદ ચૌધરી ઉપપ્રમુખ તરીકે વરણી બાદ રાજકીય શાસનની વાપસી**

સુરતઃ 69 દિવસથી ચાલતા વહીવટી શાસનનો અંત લાવી હવે ફરી ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં જિલ્લા પંચાયતની સત્તાનું સુકાન આવ્યું છે. જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ખોલવડ બેઠકના સમીર મોદી અને ઉપપ્રમુખ તરીકે ઝંખવાવ બેઠકના ઉમેદભાઈ ચૌધરી બિનહરીફ ચૂંટાતા ભાજપ સંગઠનમાં ઉજવણીનો માહોલ સર્જાયો હતો.

પીપલોદ સ્થિત જિલ્લા પંચાયત ભવન ખાતે સવારથી જ ભાજપના કાર્યકરો, આગેવાનો અને શુભેચ્છકોનો ભારે જામાવડો જોવા મળ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ ઉમેદવારીપત્રો ભરાયા બાદ અન્ય કોઈ દાવેદાર ન આવતા જિલ્લા કલેક્ટર તેજસ પરમારે બપોરે વિજય મુહૂર્તમાં બંને ઉમેદવારોને બિનહરીફ જાહેર કર્યા હતા.

રાજકીય રીતે જોવામાં આવે તો આ વખતે જિલ્લા પંચાયતની રચનામાં અનેક સંકેતો છુપાયેલા માનવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે પ્રમુખ-ઉપપ્રમુખની સાથે કારોબારી ચેરમેન, શાસક પક્ષના નેતા, દંડક તેમજ વિવિધ સમિતિઓના અધ્યક્ષોના નામો પણ એકસાથે જાહેર થવાની પરંપરા રહી છે. પરંતુ આ વખતે અંતિમ ક્ષણે અન્ય હોદ્દાઓના મેન્ડેટ અટકતા સ્થાનિક રાજકારણમાં આંતરિક ગોઠવણો અને સમીકરણોની ચર્ચાઓ તેજ બની છે.

હવે આગામી સામાન્ય સભામાં કારોબારી સમિતિ, બાંધકામ, આરોગ્ય, શિક્ષણ, ખેતી, સિંચાઈ અને સામાજિક ન્યાય સમિતિઓના અધ્યક્ષોની વરણી થવાની હોવાથી આગામી દિવસોમાં રાજકીય ચહલપહલ વધુ વધે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# ઈદની રજામાં ફેરફારથી GTUની પરીક્ષા ખોરવાઈ

**૨૮ મેની તમામ થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાઓ સ્થગિત, નવી તારીખની રાહ**

સુરતઃ ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા સમર-૨૦૨૬ પરીક્ષાઓ દરમિયાન મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા બકરી ઈદની જાહેર રજામાં છેલ્લી ઘડીએ કરાયેલા ફેરફારને કારણે યુનિવર્સિટીએ ૨૮ મેના રોજ યોજાનારી તમામ થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાઓ મુલતવી રાખી છે.

અગાઉ રાજ્ય સરકારે ૨૭ મેના રોજ બકરી ઈદની રજા જાહેર કરી હતી. તે મુજબ GTUએ પરીક્ષાનું સમયપત્રક ગોઠવ્યું હતું અને ૨૮ મેના રોજ વિવિધ કોર્સની પરીક્ષાઓ રાખવામાં આવી હતી. પરંતુ હવે સરકાર દ્વારા રજાની તારીખ બદલીને ૨૮ મે જાહેર કરવામાં આવતા યુનિવર્સિટીને પરીક્ષાઓ સ્થગિત કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. આ નિર્ણય અંગે GTUએ સંલગ્ન તમામ કોલેજોને પરિપત્ર મોકલી જાણ કરી છે. સાથે જ ૨૯ મેના રોજ યોજાનારી પરીક્ષાઓ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ લેવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. જોકે ૨૮ મેની પરીક્ષાઓ માટે નવી તારીખ હજી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે વિદ્યાર્થીઓમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે. હાલ GTU સંલગ્ન કોલેજોમાં બીબીએ, બીસીએ, બીઈ સહિત વિવિધ અભ્યાસક્રમોની સમર-૨૦૨૬ પરીક્ષાઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં રજાના ફેરફારથી સમગ્ર પરીક્ષા આયોજન પર સીધી અસર પડી છે.

# ઉદયપુર-બાંદ્રા સુપરફાસ્ટ AC કોચમાં વંદા અને ઉંદરોનું 'રાજ',

**કંટાળેલા મુસાફરોએ 3 જગ્યા પર ચેઇનપુલિંગ કર્યું**

સુરતઃ ભારતીય રેલવે દ્વારા મુસાફરો પાસેથી એસી કોચ ના નામે તગડું અને પ્રીમિયમ ભાડું વસૂલવામાં આવે છે, પરંતુ બદલામાં સુવિધાઓના નામે માત્ર ગંદકી અને રોગચાળો પીરસવામાં આવતો હોવાની એક શરમજનક ઘટના સામે આવી છે. ઉદયપુરથી મુંબઈ બાંદ્રા ટર્મિનસ તરફ જતી ટ્રેન નંબર 22902 ઉદયપુર-બાંદ્રા સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનના થર્ડ એસી ઈકોનોમી કોચમાં રવિવારે મોડી રાત્રે રેલવે તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી હતી. સુપરફાસ્ટ ટ્રેનનો આ હાઈપ્રોફાઈલ કોચ જાણે વંદા અને ઉંદરોનું ઘર બની ગયો હોય તેવી બદતર સ્થિતિ સર્જાઈ હતી. જીવાતોના આતંકથી કંટાળીને આખરે મુસાફરોનો પિત્તો ગયો હતો અને તંત્રને જગાડવા માટે અલગ-અલગ સ્ટેશનો પર ત્રણ-ત્રણ વખત ચેઈન પુલિંગ કરીને ભારે હોબાળો મચાવ્યો હતો. ટ્રેનમાં મુસાફરો એટલા હદે આક્રોશમાં હતા કે તેમણે રેલવે પાસે ટિકિટના પૈસા રિફંડ આપવાની ઉગ્ર માંગ પણ કરી નાખી હતી.

મળતી માહિતી મુજબ રવિવારે રાત્રે આશરે 8:50 વાગ્યે ઉદયપુર થી ટ્રેન ઉપડતાની સાથે જ એસી કોચમાં નરક જેવી સ્થિતિ સર્જાઈ હતી. કોચની સીટો, દીવાલો અને પ્રવાસીઓના પગ નીચે મોટા-મોટા વંદાઓ રિંગતા જોવા મળ્યા હતા. આટલું ઓછું હોય તેમ કોચમાં મોટા ઉંદરો પણ પ્રવાસીઓની બેઠકો નીચે અને તેમના કિંમતી સામાનની વચ્ચે મનફાવે તેમ દોડાદોડ કરી રહ્યા હતા, જેના કારણે એસી કોચમાં બેઠેલા મુસાફરો ફફડી ઉઠ્યા હતા. સુરત આવતા પ્રવાસી ધ્રુવ કુમાર સહિતના મુસાફરોએ આક્ષેપ કર્યો હતો કે મુસાફરીની શરૂઆતથી જ આ નર્કાગાર સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. માવલી સ્ટેશન આવતા સુધીમાં મુસાફરોએ રેલવેની સત્તાવાર હેલ્પલાઈન અને ઓનલાઈન ફરિયાદ પોર્ટલ પર અનેક ફરિયાદો ઠાલવી દીધી હતી. છતાં કોઈ તાકીદનો ઉકેલ લાવવાની તસ્દી લીધી નહોતી.તંત્રની આવી ઘોર નિષ્ક્રિયતા અને નફ્ફટાઈ થી કંટાળીને રોષે ભરાયેલા મુસાફરોએ આખરે ટ્રેનને રોકવા માટે અલગ-અલગ જગ્યાએ ત્રણ વાર ચેઈન પુલિંગ કરી નાખ્યું હતું. ટ્રેન જ્યારે ચિત્તોડગઢ સ્ટેશને પહોંચી ત્યારે પણ મુસાફરોએ ફરી એકવાર ચેઈન પુલિંગ કરીને સ્ટેશન ગજવી મૂક્યું હતું.

# કોસંબાના મહુવેજનાં તળાવમાં ડૂબી જતાં બે બાળકનાં મોત

**અંકલેશ્વરના ભરણ ગામેથી પાંચ જણા માછલી પકડવા આવ્યા હતા**

**બાળકોને સાઈડમાં બેસાડ્યા હતા પરંતુ નાહવા પડતા મોતને ભેટ્યા**




હથોડાઃ કોસંબા નજીક આવેલા મહુવેજ ગામના તળાવના ઊંડા પાણીમાં બે બાળકોના ડૂબી જતાં બંનેના મોત થયા હતા. જાણ થતાં પોલીસ તરવૈયાની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ ત્યાં સુધીમાં ભરણ ગામના લોકોએ જ બંને બાળકોની લાશ શોધી કાઢી હતી. ત્યારબાદ જાણ થતાં મહુવેજ ગામવાસીઓ પણ દોડી ગયા હતા.

ઘટનાની વિગત એવી છે કે માંગરોળ તાલુકાના કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના મહુવેજ ગામે આવેલા તળાવમાં અંકલેશ્વરના ભરણ ગામેથી ધીરુભાઈ રામાભાઇ વસાવા અને ગણપતભાઈ સુખાભાઈ વસાવા, સુખાભાઈ સોમાભાઈ વસાવા અને કમલેશભાઈ નાઓ બાળકોને લઈને કોસંબાની હદમાં આવેલા મહુવેજ ગામે મોટા તળાવમાં માછલી પકડવા આવ્યા હતા. બાળકોને સાઈડમાં બેસાડીને તેઓ માછલા પકડતા હતા ત્યાકે થોડીક વાર પછી જ્યાં બેસાડવામાં આવેલા ત્યાં બાળકો નહીં દેખાતા તેમની શોધખોળ કરી હતી પરંતુ મળી આવ્યા ન હતા. જેથી બૂમાબૂમ કરતાં મહુવેજ ગામના લોકો દોડી આવ્યા હતા અને તળાવમાં નાહવા પડેલા બંને બાળકોના કપડા તળાવના પાડે મળી આવ્યા હતા. અંકિત રાકેશ વસાવા (ઉ.વ.10) અને વેદ કિરણભાઈ વસાવા (ઉ.વ.11)ની લાશ લોકોએ શોધી કાઢી હતી. બનાવની જાણ થતાં મહુવેજ ગામના લોકો તેમજ કોસંબા પોલીસ તરવૈયાની ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### રિંગ રોડ...

આ ક્રૂર હુમલા દરમિયાન શ્વાનો માસૂમને અંદાજે 10 ફૂટ સુધી રસ્તા પર ઢસડી ગયા હતા. અસહાય બાળક પોતાની જાતને બચાવવા તરફડિયાં મારી રહ્યું હતું અને શ્વાનો તેને સતત 40 સેકન્ડ સુધી ફાડી ખાવાનો પ્રયાસ કરતા રહ્યા હતા.

**માથું, હાથ, પગ અને પેટ પર ગંભીર ઇજાઓ**

હુમલો એટલો ભયાનક હતો કે માત્ર 40 સેકન્ડમાં જ કુતરાઓએ બાળકના શરીર પર 20થી વધુ બચકાં ભરી દીધા હતા. બાળકના માથા, બંને હાથ, પગ અને પેટના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

### દસ વર્ષ...

સભાની આ સૂચિત ઘટનાએ વર્ષ ૨૦૧૬ની યાદો પણ તાજી કરી દીધી છે. તે વખતે પણ બકરી ઈદની રજાની તારીખમાં ફેરફાર થતાં ૧૩ સપ્ટેમ્બરે જાહેર રજાના દિવસે સામાન્ય સભા યોજાઈ હતી. આ વખતે પણ રજાના દિવસે સામાન્ય સભા યોજાતા પાલિકાના સેક્રેટરી વિભાગના ૫૦થી વધુ કર્મચારીઓ, કમિશનર કચેરીનો સ્ટાફ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓને ફરજ પર હાજર રહેવું પડશે. સાથે જ, જાહેર રજાના દિવસે નવા પદાધિકારીઓની વરણી થશે તે નવો ઈતિહાસ થશે.

### આફ્રિકામાં ઈબોલાનો...

જણાવ્યું હતું કે, સંક્રમણ ફેલાય નહીં તે માટે શંકાસ્પદ દર્દીઓ માટે અલગ OPD, ખાસ લિફ્ટ, અલગ ડેટા એન્ટ્રી તેમજ અલગ એન્ટ્રી-એક્ઝિટ ગેટની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત કે ભારતમાં હાલ ઈબોલાનો એકપણ કેસ નથી. સુરત સિવિલ તંત્રએ પણ નાગરિકોને અપીલ કરી છે કે, આ માત્ર આગોતરી સાવચેતીના ભાગરૂપે કરાયેલી તૈયારીઓ છે અને ગભરાવાની કોઈ જરૂર નથી.

### ત્રણ દિવસ...

કલાકની ઝડપે પવન ફૂંકાતા ગરમી સાથે ચીકાશભર્યું વાતાવરણ સર્જાયું હતું. રાજ્યભરમાં હાલ કાળઝાળ ગરમીનો દોર યથાવત છે અને મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ઘટાડો નોંધાયો નથી. જોકે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં આશરે 2 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. જેના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ 22 થી 24 મે દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે. ખાસ કરીને અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, દમણ તેમજ દાદરા અને નગર હવેલી વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે.

**માછીમારો અને નાગરિકોને ચેતવણી**

હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોના માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવાની સૂચના આપી છે. બીજી તરફ તંત્ર દ્વારા નાગરિકોને બપોરે 12થી 4 દરમિયાન તડકામાં બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવાનું અને ગરમીથી બચવા સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.

### નકલી નોટ...

સાગરીતોને પોલીસે ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓના ઘરમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને વધુ રૂ. ૧.૫૦ લાખની નકલી નોટો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના કરેડા ગામના વતની ભવારલાલ જયચંદ ભાગરીયા (ઉ.વ.૩૫) ગત તા. ૧૭ મે ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮ વાગ્યે સચીન-પલસાણા ટી-પોઈન્ટ પાસે આવેલા બ્રિજ નીચે ભરાતી બકરા મંડીમાં બકરા વેચવા આવ્યા હતા. આ દરમિયાન લિંબાયત વિસ્તારના રીઢા ગુનેગારોએ તેમની પાસે બે બકરા ખરીદી ૫૦ હજાર ચૂકવીને ત્યાંથી નીકળી ગયા હતાં. બકરાના વેપારીએ તપાસ કરતાં તમામ નોટ કલર ઝેરોક્ષ હોવાનું જાણવા મળતાં તેમણે સચીન પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યા હતાં. તેમના ઘરે તપાસ કરતાં ત્યાંથી પણ ૧.૫૦ લાખની નકલી નોટોનો જથ્થો મળી આવ્યો હતો. તેઓ આ નકલી નોટોનો જથ્થો ઝારખંડના એક શખ્સ પાસેથી લાવ્યા હતા અને સુરતના બજારોમાં વટાવવાનું પ્લાનિંગ હતું.

### કેટલીક નોટ...

દરમ્યાન ૫૦૦ દરના ૨૦૫ નોટો જે પાણીમાં પલાળી નાશ કરવાનો પ્રયત્ન કરેલ હોવાનુ તથા અમુક ૫૦૦ દરના નોટોને બાળીને નાશ કરવા પ્રયત્ન કરેલ જે બાળેલી નોટોના ટુકડા મળી આવેલ હોય જેથી પુરાવા નાશની કલમનો ઉમેરો કરવા તથા રીમાન્ડ માટેની તજવીજ હાથધરી મજકુર આરોપીઓ પાસેથી ૫૦૦ના દરની કુલ્લે ૩૨૨ નોટો જેની કિંમત ૧,૬૧,૦૦૦/- રૂપીયા કબ્જે કરવામાં આવ્યો છે.

### ઓર્ગન મેન...

મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. નિલેશભાઈને ગુજરાત સરકાર દ્વારા રાજ્યનો સર્વોચ્ચ નાગરિક સન્માન "ગુજરાત ગરિમા એવોર્ડ" સહિત દેશ અને વિદેશની જુદી જુદી સંસ્થાઓ દ્વારા ૭૦થી વધુ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

પદ્મશ્રી નિલેશ માંડલેવાલાએ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આ સન્માન માત્ર મારું કે ડોનેટ લાઈફ સંસ્થાનું નથી, પરંતુ સમગ્ર સુરત શહેર અને ગુજરાત રાજ્યનું સન્માન છે. આ સન્માન તમામ અંગદાતા અને તેમના પરિવારજનોનું સન્માન છે. તેમણે આ ગૌરવપૂર્ણ સન્માન પોતાના સ્વર્ગસ્થ માતા-પિતા અને ભગવાન દ્વારકાધીશના ચરણોમાં અર્પણ કરતાં જણાવ્યું હતું કે, "આ સન્માન મને વધુ જવાબદારી સાથે અંગદાનના કાર્યમાં આગળ વધવા માટે પ્રેરણા આપશે." આજથી ૨૦ વર્ષ પહેલા નિલેશભાઈએ વર્ષ -૨૦૦૫થી સુરત શહેરમાં અંગદાન અંગે ઝુંબેશ ઉપાડી હતી. જોકે, એ સમયે લોકોમાં અંગદાન અંગેની જાગૃતિનો અભાવ હતો પરંતુ સાહસિક એવા નિલેશભાઈ હિંમત હાર્યા વગર ICUની બહાર, હોસ્પિટલના પેસેજમાં ઉભા રહીને બ્રેઈનડેડ સ્વજનના પરીવારજનોને અંગદાન કરવા માટે સમજાવવાનો પ્રયાસ જારી રાખતા હતા.

**અનુસંધાન... પાના પહેલાનું**

### ગુલમર્ગમાં કેબલ...

રિસ્પોન્સ ફોર્સ (SDRF), જમ્મુ-કાશ્મીર પોલીસ અને ભારતીય સેનાની ચિનાર કોર્પ્સની ટીમોએ સાથે મળીને દોરડા અને સીડીઓનો ઉપયોગ કરીને પ્રવાસીઓને સુરક્ષિત નીચે ઉતાર્યા હતા. એક અધિકારીએ આજે સાંજે જણાવ્યું હતું કે, "બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને તમામ અટવાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે." તેમણે ઉમેર્યું હતું કે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. અધિકારીઓએ જણાવ્યું કે, કેટલીક કેબિન ૫૦૦ ફૂટની ઊંચાઈએ લટકતી હોવાથી, તેમને ટેકનિકલ પદ્ધતિથી બહાર કાઢવામાં નોંધપાત્ર સમય લાગ્યો હતો. મોડી સાંજ સુધીમાં ૧૭૯ પ્રવાસીઓને નીચે લાવવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મુસાફરોને પછીના તબક્કામાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા કારણ કે ટીમોએ એક પછી એક કેબિન ખાલી કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આપત્તિ વ્યવસ્થાપન દળોની ભૂમિકાની પ્રશંસા કરી હતી. અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે આ ઘટનાની તપાસ કરવામાં આવશે અને જો કોઈ બેદરકારી જણાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે સરકાર પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તમામ કેબિન સુરક્ષિત છે અને જમીન પર તૈનાત પ્રશિક્ષિત ટીમો દ્વારા અટવાયેલા પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. તેમણે ઉમેર્યું કે, પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ જરૂર નથી. આ અગાઉ ૨૫ જૂન, ૨૦૧૭ ના રોજ પણ ગુલમર્ગ ગોંડોલામાં એક અકસ્માત સર્જાયો હતો, જેમાં ભારે પવનને કારણે એક ઝાડ ઉખડીને કેબિન પર પડતાં કેબિન જમીન પર તૂટી પડી હતી અને સાત લોકોના મોત થયા હતા. ગયા વર્ષે જાન્યુઆરીમાં પણ ટેકનિકલ ખામીના કારણે કેબલ કાર સેવા અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવી હતી. સેનાએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ ઘટનામાં ૬૫ કેબિન હવામાં અટવાઈ ગઈ હતી અને ચિનાર કોર્પ્સના સહયોગથી ઝડપી અને સંકલિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### ચોથા ભાવવધારાથી...

છે. લોકસભા ચૂંટણી પહેલા માર્ચ ૨૦૨૪માં પ્રતિ લીટર ૨ના ઘટાડાને બાદ કરતાં, છેલ્લા બે વર્ષથી વધુ સમય સુધી ભાવ મોટાભાગે સ્થિર રહ્યા બાદ, ઇંધણના ભાવ હવે મે ૨૦૨૨ પછીના તેમના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે.

આ ભાવ વધારો એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે સંભવિત સમજૂતીની આશા વચ્ચે વૈશ્વિક તેલના ભાવમાં ભારે ઘટાડો થયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવા માટે સૈદ્ધાંતિક સહમતિ બન્યા બાદ, વૈશ્વિક તેલના ભાવ માટેના પ્રાથમિક બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. ફેબ્રુઆરીના અંતમાં ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને વૈશ્વિક ઓઈલ ટ્રાન્ઝિટના મુખ્ય માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધૂનિમાં શિપિંગ ખોરવાવાને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. સરકારી માલિકીની ઓઈલ કંપનીઓએ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખવામાં અઠવાડિયા સુધી વિલંબ કર્યો હતો, જે અંગે સરકારનું કહેવું હતું કે આ પગલું ગ્રાહકોને મોંઘવારીથી બચાવવા માટે હતું. જો કે, વિપક્ષી પક્ષોએ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે મહત્વના રાજ્યોની ચૂંટણીઓ પૂરી ન થાય ત્યાં સુધી ભાવ વધારો રોકી રાખવામાં આવ્યો હતો. ૧૫ મેના રોજ થયેલો વધારો સત્તાધારી ભારતીય જનતા પક્ષ દ્વારા પશ્ચિમ બંગાળ સહિત પાંચમાંથી ત્રણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ચૂંટણીમાં પોતાની જીત મેળવ્યા બાદ કરવામાં આવ્યો હતો. સોમવારના વધારા બાદ મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૧૧.૨૧ પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૯૭.૮૩ થઈ ગઈ છે, જ્યારે કોલકાતામાં આ દરો અનુક્રમે ૧૧૩.૫૧ અને ૯૯.૮૨ થયા છે. ચેન્નઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૭.૭૭ અને ડીઝલનો ભાવ ૯૯.૫૫ પ્રતિ લીટર પહોંચ્યો છે. સરકારી કંપનીઓની સાથે ખાનગી ઇંધણ રિટેલર્સે પણ ભાવમાં વધારો કર્યો છે. નયારા એનર્જીએ અગાઉ માર્ચમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૫ અને ૩ પ્રતિ લીટરનો વધારો કર્યો હતો, જ્યારે શેલ પીએલસીએ ૧ એપ્રિલથી પેટ્રોલના ભાવમાં ૭.૪૧ અને ડીઝલમાં ૨૫ સુધીનો વધારો કર્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બીપી પીએલસી વચ્ચેનું સંયુક્ત સાહસ જિયો-બીપી પણ સરકારી કંપનીઓની લાઈન પર જ પંપના ભાવમાં ફેરફાર કર્યો છે.

### 'મહેંગાઇ માનવ...

સાથે જોડીને મોંઘવારી માનવ મોદી કહ્યા હતા. તેમણે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે, 'મહેંગાઇ માનવ મોદી'એ ફરી એકવાર પ્રહાર કર્યો છે. મહિનાઓથી હું આગામી આર્થિક તોફાન અંગે ચેતવણી આપી રહ્યો હતો, પરંતુ મોદીજી, તેમની હંમેશની આદત મુજબ તે સમયે ચૂંટણીમાં વ્યસ્ત હતા અને જેવી ચૂંટણીઓ પૂરી થઈ, તેમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮નો વધારો ઝીંકી દીધો. તેમણે ઉમેર્યું કે આ વધારાનો ટ્રેન્ડ હજુ પણ ચાલુ રહેશે અને 'મોંઘવારી માનવ મોદી' પાસે માત્ર એક જ કામ છે: ચૂંટણી દરમિયાન વચનો આપવા અને અન્ય સમયે લોકોના ખિસ્સા પર હુમલો કરવો.

### ઇંધણમાં સતત...

ઓઇલ ઇમ્પોર્ટ બિલ મર્યાદિત કરવા અને ઈંધણનો વપરાશ ઘટાડવાના સરકારના વ્યાપક પ્રયાસો વચ્ચે આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા અઠવાડિયે નાગરિકો અને સરકારી વિભાગોને ઈંધણ બચાવવા, વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવા અને બિનજરૂરી મુસાફરી ઘટાડવા વિનંતી કરી હતી, કારણ કે ઊર્જાના ઊંચા ભાવો વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણ લાવી રહ્યા છે અને ચાલુ ખાતાની ખાધ વધવાની આશંકા ઉભી થઇ છે. કેટલીક રાજ્ય સરકારોએ ઓલરેડી પોતાના વિભાગોને મુસાફરી મર્યાદિત કરવા અને ઓફિસમાં હાજરી ઘટાડવા નિર્દેશ આપ્યા છે.

### ગરમીનો પ્રકોપ જારી...

વધુ હતું. ઝાંસીનું મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, ત્યારબાદ ઓરાઈમાં ૪૫.૮ ડિગ્રી, આગ્રામાં ૪૫.૫ ડિગ્રી, પ્રયાગરાજમાં ૪૫.૪ ડિગ્રી અને હમીરપુરમાં ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

મહારાષ્ટ્ર માટે હવામાન વિભાગે વિદર્ભ વિસ્તારમાં બે દિવસ માટે હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે ત્યાર પછી ૨૮ મે સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બ્રહ્મપુરી ફરી એકવાર ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે દેશનું સૌથી ગરમ સ્થળ બન્યું હતું, જે સામાન્ય કરતાં ૫ ડિગ્રી વધુ છે. રાજસ્થાનમાં પણ મોટાભાગના વિસ્તારોમાં ગંભીર હીટવેવનો પ્રકોપ ચાલુ રહ્યો છે, જેમાં હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કોટા ૪૫.૬ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ રહ્યું છે. અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. ચિત્તોડગઢ અને શ્રીગંગાનગરમાં મહત્તમ ૪૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હરિયાણામાં સિરસામાં રાજ્યનું સૌથી વધુ ૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, ત્યારબાદ રોહતકમાં ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. મધ્ય પ્રદેશમાં ખજુરાહો ૪૭.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ બનીને ઉભરી આવ્યું છે. દેશની રાજધાની દિલ્હીમાં પણ પારો ૪૪ ડિગ્રીની આસપાસ રહ્યો હતો, જેમાં રિજ સ્ટેશન પર મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### NTA ભૂતકાળના...

(FAIMA) દ્વારા વકીલ તન્વી દુબે મારફતે દાખલ કરાયેલી અરજી પર નોટિસ જાહેર કરી છે અને જણાવ્યું છે કે આ પ્રકારની તમામ અરજીઓને એકસાથે જોડવામાં આવી રહી છે. કોર્ટે NTAની કામગીરીની સમીક્ષા અને સુધારા માટે ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ના ભૂતપૂર્વ વડા કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સમિતિને તેના નિર્દેશોના પાલન માટે લેવાયેલા પગલાંની વિગતો આપવા આદેશ આપ્યો છે. અદાલતે તમામ પક્ષકારોને ત્રણ દિવસમાં પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને આ મામલાની આગામી સુનાવણી શુક્રવાર પર નિયત કરી છે.

### નીટ ફેર પરીક્ષા...

સ્પષ્ટતા કરી હતી કે આ સુવિધાઓમાં પીવાનું શુદ્ધ પાણી, બેસવાની પૂરતી વ્યવસ્થા, ચાલુ પંખા અને કુલર, સ્વચ્છ વોશરૂમ, છાંયડાવાળા વેઈટિંગ એરિયા, અવિરત વીજ પુરવઠો અને જ્યાં જરૂર હોય ત્યાં પોર્ટેબલ શૌચાલયનો સમાવેશ થઈ શકે છે.

વિદ્યાર્થીઓની સુખાકારી સર્વોપરી હોવા પર ભાર મૂકતા પ્રધાને રાજ્ય સરકારોને પરીક્ષાના દિવસે ઉમેદવારો માટે પરિવહનની પૂરતી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે NEET-UG ૨૦૨૬ ની ફેર પરીક્ષા સરળ, પારદર્શક અને નિષ્પક્ષ રીતે લેવાય તે માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પૂર્ણ સહયોગ આપશે. મેડિકલ કોર્સોમાં પ્રવેશ માટે ૩ મેના રોજ લેવાયેલી નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) પેપર લીકના આક્ષેપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ૧૨ મેના રોજ રદ કરવામાં આવી હતી.

### ઇરાન મંત્રણામાં...

હસ્તાક્ષર કરે. તેમણે ઉમેર્યું હતું કે જો એક કે બે દેશો પાસે આવું ન કરવા માટેનું કોઈ કારણ હોય તો તે સ્વીકારી શકાય છે. વાટાઘાટો કરનારા દેશોમાં, યુએઈ અને બહેરીન અગાઉથી જ આ એકોર્ડ્સના સભ્યો છે, અને ટ્રમ્પ સાઉદી અરેબિયા, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત અને જોર્ડન પણ આમાં જોડાય તેવી અપેક્ષા રાખે છે.

અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ એક અજ્ઞાત સ્થળેથી કામ કરી રહ્યા છે, જ્યાં બહારની દુનિયા સાથે તેમનો સંપર્ક ખૂબ જ ઓછો છે અને કુરિયર્સના એક મોટા નેટવર્ક દ્વારા જ તેમનો સંપર્ક સાધી શકાય છે. જ્યારે અમેરિકા પ્રસ્તાવિત વિગતો મોકલે છે, ત્યારે તેહરાનના અધિકારીઓને સર્વોચ્ચ નેતા સુધી પહોંચવામાં સમય લાગે છે, જેના કારણે સંભવિત પ્રતિભાવમાં વિલંબ થાય છે.

### અમેરિકા સાથે...

જેનાથી ઈરાન સામુદ્રધુની દ્વારા વાણિજ્યિક શિપિંગની મંજૂરી આપશે અને અમેરિકા ઈરાનના બંદરો પરનો નાકાબંધી હટાવશે.

### દિલ્હી ડાયરી...

ની અસરનું યોગ્ય મૂલ્યાંકન કરી શક્યા ન હતા. તેમનું પૂરું ધ્યાન માત્ર અમારી પાસેથી પૈસા પડાવવા પર જ હતું.''યાદવે ફોન મૂકતાંની સાથે જ પહેલો નિર્ણય એ લીધો કે તેઓ પોતાનું કામ આઈ-પેકને નહીં સોંપે. આ જાહેરાત થયાના થોડા જ સમય બાદ આઈ-પેક સાથેના સંબંધો સત્તાવાર રીતે તોડી નાખવામાં આવ્યા હતા.

**પશ્ચિમ બંગાળમાં ભાજપની ઐતિહાસિક જીત**

જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રીને પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રીની પસંદગી માટે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યારે પક્ષની અંદર જ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. નરેન્દ્ર મોદી યુગમાં આ પ્રથમ વખત છે જ્યારે શાહે આ ભૂમિકા સ્વીકારી છે. પક્ષના આંતરિક લોકો આને પશ્ચિમ બંગાળ પર પકડ મજબૂત કરવામાં શાહના વર્ચસ્વના સંકેત તરીકે જોઈ રહ્યા છે. જોકે, શાહે બિહાર, દિલ્હી અને મહારાષ્ટ્ર જેવા અનેક મહત્ત્વના ચૂંટણી પ્રચારોની કમાન સંભાળી છે, પરંતુ આ પહેલાં ક્યારેય તેમની કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી ન હતી. પશ્ચિમ બંગાળના નેતાઓએ જણાવ્યું કે, આ વખતે સ્થિતિ અલગ હતી, જે લાંબા સમયથી અહીં પગપેસારો કરવા માટે સંઘર્ષ કરી રહેલા પક્ષ માટે એક મોટો વૈચારિક બદલાવ દર્શાવે છે. દાયકાઓ સુધી ભાજપના નેતાઓ માનતા હતા કે પશ્ચિમ બંગાળ હિન્દુત્વની રાજનીતિ સામે અડીખમ રહેશે (તેને સ્વીકારશે નહીં). તેથી જ મોદી-શાહની જોડીની આ સફળતાને એક લગભગ અશક્ય સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની અપેક્ષા કરતાં ઓછી બેઠકો આવ્યા બાદ શાહ માટે બિહાર અને પશ્ચિમ બંગાળમાં લગાતાર જીત ઘણું મહત્ત્વ ધરાવે છે. લોકસભા ચૂંટણીમાં પક્ષ પોતાના મહત્ત્વાકાંક્ષી '400 પાર'ના નારાથી પાછળ રહી ગયો હતો.

**એર ઇન્ડિયાના નવતર રૂપની સચિન તેંડુલકરે પ્રશંસા કરી**

પોતાના સંચાલકીય પડકારો માટે અવારનવાર ટીકાઓનો ભોગ બનતી એર ઇન્ડિયાને તાજેતરમાં ક્રિકેટ જગતના દિગ્ગજ સચિન તેંડુલકર તરફથી શાનદાર પ્રશંસા મળી છે. એર ઇન્ડિયાના નવા બદલાયેલા વિમાનમાં મુસાફરી કર્યા પછી તેંડુલકરે આ અનુભવને 'નવી કાર જેવો અહેસાસ' ગણાવ્યો અને વિમાનના બદલાયેલા કેબિન તેમજ અપગ્રેડ કરાયેલા ઈન્ટિરિયર્સના ભરપેટ વખાણ કર્યા. તેમની આ પ્રશંસા ક્રિકેટના એક એકદમ યોગ્ય સમયે ફટકારેલા 'કવર ડ્રાઇવ' જેવી હતી. એર ઇન્ડિયાએ પણ સચિન તેંડુલકરની પ્રશંસાનો જવાબ ક્રિકેટની શૈલીમાં જ આપતા લખ્યું: ''એ કહેવું બિલકુલ યોગ્ય રહેશે કે વિમાનનું નવું રૂપ બિલકુલ બેટની વચ્ચે વાગ્યો છે.'' સાથે જ કંપનીએ ઉમેર્યું કે તેઓ ટૂંક સમયમાં જ તેમની 'પિચ' પર સચિનનું ફરી સ્વાગત કરવા આતુર છે.